વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

January-2025


# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# સર્વ દુઃખ અને ક્લેશથી મુક્ત થવાની માસ્ટર કી!

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ


જગતના કોઈપણ માણસને એમ કહો તમે કે, બધા જ પ્રકારના દુઃખ અને ક્લેશથી મુક્ત થવાની એક માસ્ટર કી તમને આપવામાં આવે તો? તો એ શું કહે? કે કોઈપણ કિંમતે એ માસ્ટર કી લેવી જ જોઈએ. શું કહે? સર્વ દુઃખ ને સર્વ ક્લેશમા જન્મવાના દુઃખ, મરવાના દુઃખ, ટેન્શનના દુઃખ, પછી રોગના, પીડાના, અકસ્માતની બાધાના, સંસારના જેટલા પ્રકારના દુઃખ છે, સંયોગના ને વિયોગના, ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ, જેટલા પ્રકારના દુઃખ છે એ બધા દુઃખનો નિવેડો એક આત્મજ્ઞાનથી થતો હોય, તો તે આત્મજ્ઞાન કોઈપણ કિંમતે કરી લેવું જોઈએ - એ વાત સીધી-સાદી કોઈપણને બુદ્ધિમાં સમજાય એવી છે. કે ન સમજાય? તો કે આત્મજ્ઞાન થાય કેવી રીતે? કે પહેલા તને આત્મકલ્યાણનો વિચાર હોવો જોઈએ. એ વિચાર પણ વિચારબળવાળો હોવો જોઈએ. અને એ વિચારબળ માટે સત્સંગ જરૂરી છે અને અસત્સંગ અને અસત્પ્રસંગનો ઘટાડો કરવો જરૂરી છે. કેમકે સત્સંગ હોય ત્યાં અસત્સંગ નહિ રહે અને અસત્સંગ હોય ત્યાં સત્સંગ નહિ રહે. આમ ખબર પડે?! કે અહીં સત્સંગ કર્યો હોય, બરાબર! સ્વાધ્યાયહૉલમાં આવીને સત્સંગ કર્યો અને ઘરે જઈને પાછો મમત્વ કરે, ઘરે જઈને કે દુકાને જઈને, જે કાંઈ ઉદયપ્રસંગ હોય, એમાં જઈને જીવ મમત્વ કરે ત્યારે એ પાછો અસત્સંગનો આશ્રય કરે છે એવું એ વખતે લાગે છે ખરું?! કે, હું અસત્સંગનો આશ્રય કરું છું! અને મારો સત્સંગનો આશ્રય છૂટી જાય છે એટલે મને સત્સંગથી લાભ થવો જોઈએ તે લાભ થતો નથી. કેમકે એ બધા અસત્સંગ અને અસત્પ્રસંગ છે - મમત્વ કરવું તે! ઘરમાં રહેવું એનો વાંધો નથી પણ મમત્વ કરવાનો વાંધો છે. પોતાપણું ન કરવું જોઈએ. તો ઘરમાં રહીને કરવું શું? તો કહે અનાદિથી પોતાપણું થઈ રહ્યું છે એને મટાડવાનો પ્રયત્ન કરવો. તારો ઉદયપ્રસંગ છે એ ઉદયપ્રસંગમાં જે વિપરીત પ્રયોગ પરિણમનનો થઈ રહ્યો છે એને અવિપરીત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. શું કીધું? એ રીતે જ્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે તેના ફળ-સ્વરૂપે સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે અને તે નિજસ્વભાવસ્વરૂપ છે. એવો મોક્ષ એ કેવો છે? કે આત્માનું જેવું સ્વરૂપ છે એવું જ મોક્ષમાં પ્રગટ થાય છે. એ નિજસ્વભાવસ્વરૂપ છે. પોતાના સ્વરૂપ અને સ્વભાવથી જરાપણ વિપરીત નથી કે બીજા પ્રકારનું નથી. વિપરીત પણ નથી અને અન્ય પ્રકારનું પણ નથી. સ્વરૂપ જેવું જ મોક્ષ છે. સ્વરૂપસદૃશ મોક્ષ છે. અને એ વાત કેવળ સત્ય છે. એટલે કે આત્મજ્ઞાનથી આવું સંપૂર્ણ દુઃખરહિત મોક્ષપદની પ્રાપ્તિ થાય એ વાત પૂરેપૂરી સત્ય છે. ગૅરેન્ટેડ વાત છે, એમ કહેવું છે. પૂરેપૂરી સત્ય છે એટલે જેને આત્મજ્ઞાન થયું એનો મોક્ષ થઈ જવાનો. સંસારના બધા દુઃખથી એ જીવ છૂટી જવાનો, નક્કી વાત છે! કેવળ સત્ય છે એટલે નિશ્ચિત વાત છે. એમાં શંકા કરવા જેવી નથી. આટલી બધી ગૅરંટી આપી છે.


(અનુસંધાન પાના નં ૧૨ પર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૫, વર્ષ–૨૭, જાન્યુઆરી–૨૦૨૫


## શ્રાવણ સુદ ૧૦, બુધવાર, તા.૨૭–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૬ થી ૧૦૮ પ્રવચન–૪૫





ભગવાનઆત્માના આનંદની બહાર નીકળતા જે શુભાશુભ પરિણામ થાય એનું ફળ સંસાર છે. એ બધો સંસાર દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? સર્વાર્થસિદ્ધિનો ભવ કરવો એ ભાવ પણ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિનો બંધ થવો એ ભાવ પણ દુઃખરૂપ છે. એમ કહે છે, હોં! અરે.. ભગવાન! આનંદ સાગરમાંથી નીકળવું (એમાં) ચાર ગતિનો ભય છે કે અરે..! આ મને ન હો. અહીંયાં કહેશે, હોં! 'યોગીન્દ્રાચાર્ય' મુનિએ આત્માને સમજાવવા માટે...' આત્માને સમજાવવા માટે. 'એકાગ્ર ચિત્તથી આ દોહાઓની રચના કરી છે.'

'ગ્રંથકર્તા યોગીન્દ્રાચાર્યે પ્રગટ કર્યું છે કે તેમણે પોતાના જ કલ્યાણના નિમિત્તે આ દોહાની રચના કરી છે.' દોહા કહ્યા. એમાંથી પાછું (લોકો) કાઢે છે, જુઓ! એમણે દોહા રચ્યા કે નહિ? ભઈ! અહીં તો નિમિત્તપણે થયું એની વાત કરે છે. એ રજકણની દોહાની પર્યાય તો અનંતા સ્કંધની સ્વતંત્ર થઈ છે. લખ્યું પણ બધા લખ્યાના શા આશય છે એ સમજવા જોઈએ ને! અરે.. ભગવાન! શું થાય? 'આ કીધું જુઓ!' પોતે કહી ગયા છે કે કોઈનો રજકણનો કર્તા આત્મા નથી. કર્તા–હર્તા આત્મા એક રજકણની પર્યાયનો નથી. વળી દોહા (કહે) દોહા મેં કર્યા. અહીં તો દોહાના રચનાકાળમાં મારો એક વિકલ્પ જે હતો, નિમિત્ત હતો એમાં હું હતો એમ બતાવે છે. હું તો એના જ્ઞાનમાં, વિકલ્પનાં જ્ઞાનમાં હું છું, વિકલ્પમાં નથી તો એમાં પરની પર્યાયમાં મારી પર્યાય અડી છે અને થઈ છે (એમ નથી). આહાહા..! સમજાણું કાંઈ?

શબ્દમાં તાકાત છે સ્વપર વાર્તા કહેવાની. એ શબ્દ

એ રૂપે પરિણમ્યા છે. ભગવાનઆત્માનો ભાવ ત્યાં અડતો નથી. (કોઈ એમ પૂછે કે) એવા જ ભાવ કેમ આવે ત્યારે? પરમાણુની એવી પર્યાય એને પોતાના ભાવપણે પરિણમવાની છે. શું આત્માનો ભાવ એ અડે છે ત્યાં? આત્માની પર્યાય ત્યાં સંક્રમે છે રજકણની પર્યાયમાં? કર્તા નથી, ભાઈ! જ્યાં વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા નથી ત્યાં દોહાની રચના(ના કર્તા ક્યાંથી હોય?) ફક્ત રચનાના કાળમાં મારી આ ભાવના હતી એમાં આ થયું એટલે દોહા કર્યા એમ કહેવામાં આવે છે, આમ છે.

મુમુક્ષુ : લખ્યું તો ખરું ને.

ઉત્તર : લખ્યા ઈ જ વાંધા છે ને!

મુમુક્ષુ : અકર્તા છે તો લખે કેવી રીતે?

ઉત્તર : કર્તા છે નહિ. ત્રણ કાળ, ત્રણ લોકમાં ભગવાનઆત્માનો સ્વભાવ, વિભાવનું કર્તૃત્વ પણ જેના સ્વભાવમાં નથી. એવો કોઈ ગુણ નથી કે વિકારને કરે. ભગવાનઆત્મા રાગના અકર્તા સ્વભાવવાળો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આ એનામાં શક્તિ છે. ૪૭ (શકિતમાં) અકર્તાપણાની શકિત છે. અકર્તૃત્વ, અભોક્તૃત્વ, પરનું, હોં! આહા..! રાગને ને ભોગને, વિકારને અનુભવવો એવો કોઈ ગુણ નથી. ગુણ હોય તો તો ત્રિકાળ રાગનું કર્તૃત્વ ઉભું રહે અને કોઈ દિ' મુક્તિ થાય નહિ, સમ્યગ્દર્શન ન થાય. એનો ગુણધર્મ જો દુઃખ ભોગવવાનો હોય તો તો દુઃખથી મુક્ત એટલે કે દુઃખથી મુક્ત જેવું સ્વરૂપ છે એ સમ્યગ્દષ્ટિને દૃષ્ટિમાં આવે જ નહિ. સમ્યગ્દર્શન જ ન થાય. ભાઈ! એમ વાત છે. આત્મા અને આત્માનો કોઈ ગુણ કર્તા–ભોક્તા છે જ નહિ. એવો પણ અહીંયાં પરમાણુની પર્યાયના રચનાકાળમાં એક આ જ્ઞાન આવું હતું કે, આમ થાય. એથી એને મેં રચ્યા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે કે 'તેઓ કહે છે કે મને સંસાર ભ્રમણનો ભય છે.' સંતો ભવભીરૂ હતા. ભાગ્યા, તીર્થંકર જેવા ત્રણ જ્ઞાનના ધણી સંસારને પૂંઠ દઈને ભાગ્યા. આહાહા..! જેમ અગ્નિ સળગતી હોય ને પાછળ વાઘ આવતો હોય ને ભાગે માણસ. આગ લાગી, આગ. એ ચાર ગતિના ભવ અને ભવનો ભાવ એ દુઃખરૂપ છે. એ ભય પામ્યા છે. સ્વર્ગના સુખથી ભય પામ્યા છે. સમજાણું કાંઈ? એથી કહે છે 'સંસારમાં આત્માને અનેક પ્રાણ ધારણ કરીને ઘણા કષ્ટો સહેવા પડે છે, ત્યાં પરમ નિરાકુળ સુખની પ્રાપ્તિ થતી નથી.'

'મિથ્યાત્વનું ગાઢપણું રહે છે જેથી પ્રાણી પોતાના આત્મિક અતીન્દ્રિય સુખને ઓળખતા નથી.' મિથ્યાત્વનું ગાંડપણું, પાગલપણું જ્યારે છે, ભ્રમણા (છે), શુભભાવમાં લાભ, પાપમાં મજા, સંયોગો અનુકૂળ હોય તો સગવડતા ઘણી, પ્રતિકૂળતા હોય તો હેરાન હેરાન (થઈ ગયા) એવો મિથ્યાદ્રષ્ટિનો ભાવ ગાંડપણું છે, પાગલપણું છે. 'જેથી પ્રાણી પોતાના આત્મિક અતીન્દ્રિય સુખને ઓળખતા નથી, ઈન્દ્રિય સુખમાં જ આસક્ત બની રહે છે.' એ તો ઈન્દ્રિયનો લોભી રહે છે. સમજાણું? અને વિષયભોગની ઈચ્છા અથવા લોકની સુખની ઈચ્છા (છે) તો એના નિમિત્તો અનુકૂળ હોય એનો પ્રેમ એને ખસતો નથી, પ્રતિકૂળ હોય એનો દ્વેષ ખસતો નથી. કોઈ પોતાના ઈન્દ્રિય વિષયના પ્રેમીને ઈન્દ્રિય વિષયમાં વિઘ્ન કરનારા હોય એના ઉપર દ્વેષ થયા વિના રહે નહિ, માને છે ને ઈ કે અહીંથી મને મળતું હતું. સમજાણું? અને એમાં વિઘ્ન કરનારા હોય છે કે આ ક્યાંથી અત્યારે આવ્યો? અને એના અનુકૂળ સામગ્રી સાધનવાળા ઉપર એને રાગ થાય.

મિથ્યાદ્રષ્ટિ જ્ઞેયના બે ભાગ પાડી, ઈષ્ટ–અનિષ્ટના ભાગ પાડી મિથ્યાત્વના રાગ–દ્વેષ કરે છે. જ્ઞેયના ભાગ છે જ નહિ. જ્ઞેય તો જાણવા લાયક બધી ચીજ એકરૂપે જ છે. એના બધા અનુકૂળ, એના બધા પ્રતિકૂળ એ વસ્તુ ક્યાં છે? વસ્તુમાં નથી અને જ્ઞેયમાં નથી. જ્ઞેયમાં છે એવો સ્વભાવ? ઈષ્ટ થવાનો, અનિષ્ટ થવાનો એવો

વસ્તુનો સ્વભાવ છે? સમજાણું કાંઈ?

કહે છે, જેની ચાહના રહે છે એ રોગ છે. 'ઇચ્છાની બળતરા થવી તે એક જાતનો રોગ છે.' આહાહા..! વિષયની એટલે બહારની અનુકૂળતામાં ઉલ્લસિત વીર્ય સ્ફુરે ઈ રોગ છે, રોગ છે. નિરોગ ભગવાનઆત્મા એમાં એ રોગ છે. એ રોગને ટાળવાનો ઉપાય ભગવાનઆત્માનું શરણ છે. 'આચાર્યદેવ પ્રગટ કરે છે કે મને સંસારનો ભય છે અર્થાત્ હું રાગ-દ્વેષ, મોહના વિકારથી ભયભીત છું.' જુઓ! રાગ-દ્વેષથી બીક છે. આ આકુળતા.. આકુળતા દુઃખ છે. 'હું એમાં પડવા ઇચ્છતો નથી.' હું રાગ-દ્વેષમાં પડવા ઇચ્છતો નથી. હું રાગ-દ્વેષ વિનાનો સ્વભાવ (છે) એમાં રહેવા ચાહું છું. સમજાણું કાંઈ? છેલ્લો શ્લોક છે ને!

'આત્મિક આનંદનો જ સ્વાદ લેવો જોઈએ. નિરાકુળ અતીન્દ્રિય સુખ ભોગવવું જોઈએ. આત્માનું દર્શન કરવું જોઈએ. આ ગ્રંથની અંદર આચાર્યે આ જ શુદ્ધાત્માની ભાવના કરીને પોતાના આત્માનું હિત કર્યું છે. અધ્યાત્મ તત્ત્વનું વિવેચન પરમ હિતકારી છે. આત્મિક ભાવનાનો હેતુ છે.' લ્યો! 'ગ્રંથકર્તાએ પોતાના જ ઉપકાર માટે ગ્રંથની રચના કરી છે તો પણ શબ્દોમાં ભાવોની સ્થાપના કરવાથી અને તેમને લિપિબદ્ધ કરવાથી પાઠકોને પણ પરમ ઉપકારનું નિમિત્ત છે.' સમજાય છે? ઈ ગ્રંથની વાત કરી છે, લ્યો!

પછી સમયસારનો છેલ્લે કળશ, ત્રીજો આપ્યો છે. 'આચાર્ય કહે છે કે નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિનો ધારક છું.' 'અમૃતચંદ્રાચાર્ય'.

**परपरिणतिहेतोर्मोहना नोऽन्भावा-**
**दविरतमनुभाव्य व्याप्तिकल्माषितायाः।**
**मम परमविशुद्धिः शुद्धचिनमात्रमूर्ते-**
**र्भवतु समयसारव्या ययैवानुभूतेः।।३।।**

હવે આ ટીકા કરવામાં મારું લક્ષ તો આત્માની એકાગ્રતાનું છે. એ ટીકાના કાળમાં મારી શુદ્ધિ વધો એમ જે ભાવના છે એ આત્માની જ ભાવના છે, એમ. 'અનાદિકાળથી મારી અનુભૂતિ વિભાવ પરિણામોની ઉત્પત્તિનું કારણ એવા મોહકર્મના ઉદયના પ્રભાવથી રાગદ્વેષથી નિરંતર મેલી થઈ રહી છે.' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે પર્યાયમાં કર્મના નિમિત્તમાં લક્ષ જતાં મારી પર્યાય એના ભાવથી મલિન થઈ ગઈ છે.

'હું આ સમયસાર ગ્રંથનું વ્યાખ્યાન કરીને એ જ યાચના કરું છું કે આ જ મારી અનુભૂતિ પરમ શુદ્ધ થઈ જાય,...' લ્યો! ગ્રંથ પૂર્ણ કરવાનું એ ફળ. જુઓ! ત્યારે બીજા શું કહે છે? જુઓ! ઈ શાસ્ત્રગ્રંથ કરતાં કરતાં જે વિકલ્પ ઉઠે છે ને ઈ નિર્જરાનું કારણ છે. આ ગાથાનો એવો અર્થ કરે છે. પર પરિણતિ. અરે.. પ્રભુ! એ શબ્દ તો નિમિત્તથી કથન છે. મારું એ વખતે સ્વભાવ તરફનું આમ અભેદ, આમ એકાકાર એમ જે મારું વલણ છે એ આ વિકલ્પના કાળમાં વલણ આ બાજુ વિશેષ વર્તે છે એનાથી મારી શુદ્ધિ થજો. એમાં એમ કહ્યું કે, આ ટીકા કરતા મારી શુદ્ધિ થજો. આમ કથનો કંઈ ને ભાવ કંઈ. સમજાણું કાંઈ?

'વીતરાગી થઈ જાય, પરમ શાંતરસથી વ્યાપ્ત થઈ જાય. સમભાવમાં તન્મય થઈ જાય, સંસારમાર્ગમાંથી મોક્ષમાર્ગ થઈ જાય.' લ્યો! આ ટીકાના કાળમાં મારો આત્મા આ થાઓ, એમ આચાર્યે ભાવના કરી છે.

મંગલમય અરહંતનું, મંગલ સિદ્ધ મહાન;
આચારજ પાઠક યતી, નમું નમું સુખદાન.
પરમ ભાવ પ્રકાશનું, કારણ આત્મવિચાર,
જે નિમિત્તથી હોય તે, વંદનીક હરવાર,

પાઠક એટલે ઉપાધ્યાય. પછી પાંચ માંગલિક કરીને અરિહંત ભગવાન આદિ મંગળકારી છે, ભગવાન છે. આ પાંચે મંગળિક છે. પરમભાવ પ્રકાશ કારણ આત્મ વિચાર છે. એ આત્માનો અનુભવ તે પરમભાવ પરમાત્માને પ્રકાશ કરવાનું કારણ છે એમ કહીને આ ગ્રંથ પૂરો કર્યો છે. (મુમુક્ષુ : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પૂજ્ય ગુરુદેવશ્રીના 'પરમાગમસાર'માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો



આ શાસ્ત્ર તો પરમાર્થસ્વરૂપ છે ને વૈરાગ્યોત્પાદક છે. સમયસાર શાસ્ત્ર છે તે પરમ પ્રભુ પરમાત્માને બતાવનારું ને પર તરફથી ઉદાસીન કરનારું છે. પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત એવું જે પરમાર્થસ્વરૂપ તેને બતાવનારું ને વિકલ્પથી ઉદાસીન કરનારું વૈરાગ્યપ્રેરક આ સમયસાર શાસ્ત્ર છે. ૧૯.

*

એકલું જાણવું .... જાણવું .... જાણવું. જ્ઞાતા .. જ્ઞાતા .. જ્ઞાતા મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર-ચૈતન્યમાત્ર જ છે. ૨૦.

*

પ્રશ્ન :- (સ્વભાવ અને વિભાવ) બન્ને જાુદા જ છે તો જાુદા પાડવાના સાધનની વાત ક્યાં રહી ?

ઉત્તર :- જાુદા હોવા છતાં જાુદા માન્યા છે ક્યાં ? તેથી જાુદા પાડવાનું સાધન શું છે તે અહીં સમજાવાય છે. જ્ઞાનની વર્તમાન દશાને વિકાર સાથે એકતા હતી તે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે ભગવતી પ્રજ્ઞા છે અને તે ભગવતી પ્રજ્ઞા સાધન છે. વસ્તુ સાધન નથી. પણ તેની પ્રજ્ઞા દશા તે સાધન છે. કર્તા, કરણ ગુણ છે પણ તેની નિર્મળ પર્યાય તે સાધન છે. ૨૧.

*

જાણનપર્યાય અને જાણનગુણ એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણનગુણ છે ત્યાં ત્યાં અનંતગુણ છે અને તે આત્મા છે એમ નિશ્ચય કરવો જોઈએ. ૨૨.

*

ભાઈ ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા. અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી, એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો. તેનો દ્રષ્ટિમાં સ્વીકાર કર.

પાંચ ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાંતિને દઝાડે છે. ૨૩.

*

ભાઈ ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. ૨૪.

*

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ૨૫.

*

જે જીવ શુદ્ધ ત્રિકાળી વસ્તુનો રાગના અવલંબન વિના સીધો પ્રત્યક્ષ અનુભવ કરે છે તેણે શુદ્ધ જીવ વસ્તુને ઉપાદેય કર્યો છે. જ્ઞાનને જ્ઞાન દ્વારા વેદે તેને પ્રત્યક્ષ અનુભવ કહે છે. ૨૬.

*

પ્રશ્નઃ- જ્ઞાનમાં રાગ જણાય છે. પણ જ્ઞાનમાં રાગ એકમેક હોય એવું કેમ લાગે છે?

ઉત્તર :- ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ. ૨૭.

*


જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય. સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા..... આત્મા... ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૨૮.

*

નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી. પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો (એવા સ્વભાવે) છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે. છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે. પરંતુ તે રૂપે હું (સ્વભાવે કરીને) પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં. પછી અનુભવ થશે પર્યાયમાં. પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી. ૨૯.

## પરમાગમસાર બોલ-૨૪૦ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન

**'ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં.' ૨૪૦.**



(પરમાગમસાર, બોલ) ૨૪૦. **'ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે.'** દુનિયાથી ઊંધી વાત છે. ગુરુદેવ કહેતાં કે આ તો જગતની સામે બળવો પોકારીએ છીએ. આખું જગત જે બાજું ઢળેલું છે, દુનિયાની દોડ જે બાજુ છે એનાથી આ તદ્દન ઊલટી વાત છે, ઠીક!

**'ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે.'** આહા...! લોકો ટિંગાઈ ગયા છે. એવા ટિંગાઈ જાય છે કે જાણે એ સર્વસ્વ છે અને એ સર્વસ્વ જાણીને આંખો મીંચીને કેટલું અહિત થાય છે (એ જોયા વગર) એની સામે આંખ મીંચીને એ કામ કરે છે.

એ આત્મા છે ને ! નિર્દોષ પરમાત્મા છે એટલે સર્વને ખ્યાલ આવે છે. ગમે તે પ્રકારનાં નહિ કરવા યોગ્ય કાર્ય કરતાં હોય એવા જીવને પણ ખ્યાલ તો આવે છે કે આ સારું તો નથી. કેમકે પ્રસિદ્ધપણે કેટલાંક કાર્યો તો સારા નથી. એમાં ન્યાય તોળવાની જરૂર છે નહિ. એ વિવાદાસ્પદ વિષય જ નથી. એવા જે કાર્યો કરનારા છે એને પણ અંદરમાંથી conscious bite કરે છે એમ ચાલુ ભાષામાં નથી કહેતાં? એટલે નિર્દોષ પરમાત્મા એનો પ્રતિકાર કરે છે. છતાં પણ એની સામે આંખ મીંચીને, એને અવગણીને - આત્માને અવગણીને એ પ્રકારે જે સંસારના કાર્યોમાં ધસે છે (તેને) કહે છે (કે) મરવાનો કાળ છે! જીવને જન્મ-મરણનું એ કારણ છે, પરિભ્રમણનું કારણ છે. દૃષ્ટાંત ઉત્કૃષ્ટ લીધો છે.

રળવાનો કાળ છે તે મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે. બીજી કમાણી કરવાનો કાળ છે. મનુષ્યભવ પ્રાપ્ત થયો એ તો કમાવાનો કાળ છે. આત્માના આનંદને કમાવાનો કાળ છે. એને ચૂકીશ નહિ. આમ (વાત) છે.

જેમ સામાન્ય રીતે (લોકોમાં) એક લોકોક્તિ થઈ ગઈ છે કે ભાઈ! આ કમાવાની મોસમ છે. રળવાની આ મોસમ છે અને અત્યારે તો ખાવું, પીવું, આરામ અને બીજાં વ્યવહારનાં કાર્યો ગૌણ કરીને બરાબર કમાવાની મહેનતમાં લાગી જવું જોઈએ. પછી જે કરવું હશે તે કરીશું પણ એકવાર કમાઈ લ્યો. એવી જે પોતાના સુખની, અનુકૂળતા

અને લાભની વૃત્તિ પાછળ એકવાર વર્તમાન પ્રતિકૂળતાઓને ગૌણ કરીને એ લાભ મેળવવા માટે જીવ તત્પર થાય છે, પ્રયત્નવંત થાય છે.

એનાં કરતાં પણ વિશેષ આ વાત થોડી એવી છે કે જે કોઈ જીવને પોતાની બુદ્ધિમાં આ વાત તોળાણી હોય, એની તુલના થઈ હોય કે અનંત સંસાર મટવાનું આ કારણ છે, સાદિ અનંત અનંત સમાધિ સુખમાં રહેવાનું આ કારણ છે, સર્વ કાળનાં દુઃખ મટવાનું અને સર્વકાળ પર્યંત સુખ રળવાનું આ એક મૂળ કારણ છે, એની કિંમત કરી હોય; એ ઉપર ૨૩૮માં આવી ગયું ને જેની કિંમત કરી હશે એ નહિ છૂટે; – એવી જો એણે વિચારની ભૂમિકામાં કિંમત કરી હશે તો એ એમ વિચારે છે કે પહેલાં ગમે તેમ કરીને એકવાર આત્મજ્ઞાન તો કરી લઉં. જન્મ-મરણનો નાશ થાય અને જન્મ-મરણનો છેદ થાય એવા માર્ગમાં પ્રવેશ તો હું કરી જ લઉં. હું માર્ગની બહાર છું. તો માર્ગમાં તો પ્રવેશ કરી જ લઉં. આગળની વાત તો વિશેષ વિશેષ પછી પૂર્ણ થવા સુધીની કરવાની ભલે બાકી છે એ ખ્યાલમાં છે પણ એમાં પ્રવેશ તો ઓછામાં ઓછો કરી લેવો જોઈએ. જેથી જન્મ-મરણની જે અનંતતા છે, અનંતાનુંબંધી કષાયની જે અનંતતા છે, કર્મ બંધાવાના પરંપરાની જે અનંતતા છે એ અનંતતાનો તો છેદ થઈ જાય. એ અંતમાં આવી જાય. પછી એને ખલાસ કરવું (એટલું અઘરું નથી.)

આટલું બધું એનું ફળ છે! આટલું મોટું ફળ છે (એવું જ્યારે લાગે છે) ત્યારે એ બધાં કાર્યોને ગૌણ કરીને આખા સંસારને ઊડાડીને – વૃત્તિમાંથી તો આખા સંસારને ઊડાડીને, 'જગત ઈષ્ટ નહિ આત્મથી' – એ વૃત્તિમાં આવીને એ સ્વ-કાર્યમાં અંતરંગ પુરુષાર્થ (કરે છે). એને એમ લાગે છે કે આ તો કમાવાનો (કાળ છે). આત્માના આનંદને કમાવાનો કાળ છે, એમ લાગે છે. બહારમાં ધન રળવાનો કાળ છે એમ નથી (લાગતું).

એક બીજો ભાસ પણ એની અંદર (થાય) છે. એને એમ લાગે છે કે અત્યારે આ જીવને મનુષ્યભવ મળ્યો, મનુષ્ય પર્યાયને પ્રાપ્ત થયો, આ મનુષ્યની દશા થઈ, ઉપરાંત સન્માર્ગના આંગણા સુધી આવવાનું થયું, આ સન્માર્ગ છે, સત્યમાર્ગ આ છે, ત્યાં સુધી પહોંચવાનું – સમજવાનું થયું – નક્કી આ ભવ ભવના અભાવ માટે જ આવેલો છે!! એને એવો અંદરથી ભાસ આવી જવો જોઈએ કે હવે મારું ભવ ભ્રમણ ખલાસ થવાનું (છે, એ) નિશ્ચિત વાત છે. એટલા માટે જ આ બધી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે, નહિતર આ પરિસ્થિતિ ઊભી થાય નહિ. એમ એને લાગવું જોઈએ.

જૈન દર્શનમાં કે અજૈન દર્શનમાં ધર્મના ક્ષેત્રમાં તો અનેક જીવો પ્રવૃત્તિ કરે છે, પણ જૈન દર્શનમાં રહેલાં પણ સન્માર્ગને પ્રાપ્ત થતાં નથી. તો અજૈન દર્શનમાં તો એ માર્ગ જ નથી (એટલે) પ્રાપ્ત થવાનો પ્રશ્ન રહેતો નથી. તો પછી મને સન્માર્ગ મળ્યો – આ સન્માર્ગ છે એમ મને જાણવામાં મળ્યું, મારાં શ્રદ્ધા અને જ્ઞાનની સમક્ષ એ વાત આવી, એને એમ અંદરથી ભાસવું જોઈએ – ભણકાર આવવો જોઈએ કે ખરેખર મારું હિત કરવાંનો પૂરેપૂરો સમય અને પૂરી તક મને મળી છે અને તેથી હવે આત્માનો આનંદ ન મળે ત્યાં સુધી હું જંપીશ નહીં! એટલો અંદરથી ઉપાડ આવે, એની ધગશ ઊભી થાય તો એ એને ચૂકે નહિ, નહિતર એ મનુષ્યભવને ચૂકી જાય છે. આ પરિસ્થિતિ ઊભી થાય છે. આ તો

સંકેત કર્યાં છે!

ગુરુદેવશ્રીએ, પોતાના હિતના માર્ગે ચડે એવા જીવના પરિણામ કેવા કેવા થાય ? કેવા પરિણામ એના હોય ? એનાં સંકેત કર્યા છે. એ પરિણમનની યોગ્યતામાં ઘણી ઘણી વાતો છે. પણ એમાંની કેટલીક વાત પ્રસિદ્ધ કરીને ગયા છે.

એને એમ ન લાગે કે આ ધન રળવાનો કાળ છે. શું કરીએ અમારે ધંધો છે, ધંધો તો આજીવિકાનું સાધન ન હોય (અને) કરવો પડે એ બીજી વાત છે. પણ પરમાર્થ માર્ગને ગૌણ કરીને એકાકાર થઈને એ પ્રવૃત્તિમાં લાગે એ તો એને કરવા યોગ્ય નથી. ઊલટાનું જેને આની – આ માર્ગની કિંમત આવી છે એને પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ એ પ્રવૃત્તિનો સંક્ષેપ કરીને, પ્રવૃત્તિને ટૂંકાવીને આ માર્ગમાં પોતાનો પ્રયત્ન કરવાનો સમય કાઢી લ્યે છે. ગમે તેવાં કપરા સંયોગોમાં, ગમે તેવા આકરા ઉદયોમાં પણ એ પોતાનું કાર્ય કરવાનો સમય કાઢી લ્યે છે. આમ છે.

સમયની ઘણી કિંમત છે. આમ સમય ખૂટવાનો નથી. જીવ અનંતકાળ પર્યંત રહેવાનો છે એટલે આમ તો સમય ખૂટવાનો નથી, પણ છતાં અહીંયા એ વાત નથી. નહિ તો વળી કોઈ એમ કહે કે એમ તો જાણવા મળ્યું છે કે અમારો આત્મા શાશ્વત છે– શાશ્વત પદાર્થ છે, એટલે એને કાર્ય કરવાનો સામે કાળ પણ શાશ્વત છે (માટે) ગમે ત્યારે કાર્ય કરશે. એ વાત આ માર્ગને અનુકૂળ નથી, પ્રતિકૂળ વાત છે. એમ છે.

આ કાળમાં આવી ઊંચી ઊંચી વાત કેમ અંગીકાર કરી શકાય ? અમે (તો) સાધારણ રહ્યાં. પૂજા–ભક્તિ કરીએ, દયા–દાન કરીએ. બાકી આવી ઊંચી વાત અમે ક્યાંથી કરી શકીએ ? કહે છે કે એ આત્મા સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. એટલે એને બહિરાત્મપણાનું જોર ઘણું છે. બહિરાત્મા તો અનાદિનો છે પણ (અત્યારે) અંતર્મુખ થવાનો વિષય સામે આવ્યો અને એને હડસેલો માર્યો, અનાદર કર્યો ! એ પણ મોટું કરીને!! જગતમાં એવી એક કુટિલ નીતિ છે કે મોટા કરીને મારે. શું કરે ? માન, સન્માન આપીને મારી નાખે. એ 'મોટા કરીને મારે' એમ કહે છે. એ બધી કુટિલ નીતિ છે. એને કૂટનીતિ કહેવાય છે. અંદરમાં આશય એ હોય કે (એ) બહુમાન આપવા લાયક હોય કે ન હોય એને માન આપોને ! પછી એને લૂંટી લ્યો !! એની પાસેથી દાન મેળવવું હોય તો દાન મેળવી લે ને બીજા કામ કરાવવા હોય તો બીજા કામ કરાવી લ્યે.

એમ અહીં કહે છે કે આ તમારી વાત બહુ ઊંચી મારો હડસેલો ! મૂકો અભરાઈમાં ! અમારે આ કામની નથી, અમે તો નાના માણસો છીએ. એ કુટિલ નીતિ છે. એની અંદર બહિરાત્મપણાનું જોર છે. 'અનુભવ પ્રકાશ'માં એ વાત 'દીપચંદજી' કરી ગયા.

અહીંયા તો એમ કહે છે કે આત્માના આનંદને કમાવાનો આ કાળ છે. એમ તને તારા માટે ભાસવું જોઈએ અને એના માટે જ તારી સંશોધક વૃત્તિ પૂરેપૂરી પાછળ પડી જવી જોઈએ. એકવાર એ પૂરો પાછળ પડે અને એને પોતાનું કાર્ય ન થાય એ કોઈ કાળમાં – ત્રણેકાળમાં નહિ બની શકવા યોગ્ય કાર્ય છે. ક્યારે પણ એવું બનતું જ નથી. એટલે એમ કહે છે કે '**...એને ચૂકીશ નહિ.**' એ ૨૪૦ બોલ થયો.

*

# સત્સંગ ક્યારે અફળ જાય?

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



સત્‌ નો પ્રગટ અનુભવ દશા જેને વર્તે છે એવા પુરુષનો સમાગમ – તે સત્સંગ છે. જે અતિ દુર્લભ છે. – તેમ છતાં આવો સત્સંગ પણ અફળ જાય તેવા કારણરૂપ પરિણામને જીવ સેવે છે. ત્યારે રત્નચિંતામણિ તુલ્ય મનુષ્ય ભવ ગુમાવી દેવાનું / હારી જવાનું બને છે. તે સત્સંગ અફળ થવાના કારણો નીચે પ્રમાણે છે.

૧. મિથ્યા આગ્રહ : ભૂતકાળમાં જીવે મિથ્યા અભિપ્રાય અનાદિથી સેવ્યો છે. તેનો આગ્રહ સત્સંગ પ્રાપ્ત થવા છતાં ન મૂકવો; તે મિથ્યા આગ્રહ છે. સંક્ષેપમાં તેનું સ્વરૂપ એવું છે કે જે આગ્રહને વશ 'હું માત્રજ્ઞાન સ્વરૂપ છું' તેવી અંતર સાવધાની ઉત્પન્ન થાય નહિ અને તેથી પરની સાવધાનીરૂપ – પરિણામોની અધિકાઈ – વજન રહ્યા કરે. પ્રશસ્ત ક્રિયા – પરિણામનો આગ્રહ પણ ચૈતન્ય સ્વરૂપની સાવધાની ન થવા દ્યે, તે મિથ્યા આગ્રહ છે. સર્વ પ્રકારના મિથ્યા આગ્રહ છૂટે તેવું નિમિત્ત 'સત્સંગ' છે. તેમ છતાં જીવ ત્યાં પણ મિથ્યા આગ્રહ ને ન છોડે તો પ્રાપ્ત સત્સંગ પણ અફળ જાય છે. તેમજ મિથ્યા આગ્રહ છૂટવા પછી કોઈ કારણ–સાધન નથી.

૨. સ્વચ્છંદપણું : દોષિતભાવનો પક્ષપાત, દોષમાં મમત્વ થતાં, સ્વચ્છંદને ઉત્પન્ન કરે છે. આ સ્થિતિ સત્સંગને અફળ કરનારી છે. દોષભાવના પક્ષપાતમાં – દોષની રુચિ કામ કરે છે. તેથી તેનો અભાવ થાય તેવો પ્રયત્ન થતો નથી, ઉલ્ટાનો સ્વચ્છંદી જીવ દોષને ગૌણ કરે છે અથવા અપેક્ષાવાદના બહાને દોષનો બચાવ / રક્ષણ કરે છે. – સર્વ અન્ય ભાવ દોષરૂપ હોવા છતાં તેમાં ઉત્સાહથી – સાવધાનીથી પ્રવર્તવું થાય તે પણ સ્વચ્છંદનો સૂક્ષ્મ પ્રકાર છે. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સ્વરૂપ સાવધાનીના અભાવમાં ઉક્ત પ્રકારે સ્વચ્છંદનો જન્મ થાય છે. આ દોષ તીવ્ર થતાં માન પ્રકૃત્તિ જોર કરે છે અને તે તીવ્ર થતાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષ સંબંધી અવિવેક પણ થવા લાગે છે. સ્વચ્છંદીને ગુણ અને ગુણવાનની અરુચી છે. તેની ચાહના નથી.

૩. પ્રમાદ : 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સતત જાગૃતિનો અભાવ અને અન્યભાવનો રસ રહેવો તે પ્રમાદ છે. પ્રમાદભાવમાં કષાયરસનો ઘણો ભાર છે. તેથી સત્સંગની અસર થતી નથી.

૪. ઈન્દ્રિય વિષયની અપેક્ષા : જડની અવસ્થામાં સુખબુદ્ધિ – રસબુદ્ધિ – મહિમાવંતપણું થતાં તેની અપેક્ષા રહ્યા કરે છે. ત્યારે જીવ નિજ

મહિમાને, નિજ સુખને – સ્વભાવને – ભૂલે છે અને સ્વભાવની ઉપેક્ષામાં વર્તે છે. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સ્વયંની જાગૃતિકાળે – ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો સુખરહિત ભાસે છે. તેથી પણ વ્યામોહ થતો નથી. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી જાગૃતિપૂર્વક ઇન્દ્રિય વિષયનો જ્ઞાનમાં – સ્વમાં અભાવ ભાસ્યમાન થતાં તેની અપેક્ષાવૃત્તિ – બુદ્ધિ થતી નથી. ઇન્દ્રિય વિષયની અપેક્ષાવૃત્તિમાં (વાસના) સત્સંગમાં પ્રાપ્ત બોધ લાગતો નથી. કારણ ઇન્દ્રિય વિષયના રસમાં જ્ઞાનરસનો અભાવ છે અને જ્ઞાનમાં અર્થાત્ સ્વની જાગૃતિથી ઉત્પન્ન જ્ઞાન રસમાં – ઇન્દ્રિય વિષયનો રસ અભાવપણાને પામે છે જે સત્સંગનું પ્રત્યક્ષ ફળ છે. સત્પુરુષ પ્રત્યે અત્યંત ભક્તિ સમેત સમાગમ કરવામાં આવે તો જ સત્પુરુષનો બોધ પરિણમે છે અને સત્ સમાગમમાં ભક્તિપૂર્વક સમર્પણ થતાં ઇન્દ્રિયો તરફની વૃત્તિ શિથિલ થઈ જાય છે અને 'અત્યંત ભક્તિ' વિષયવૃત્તિના રસને મંદ કરે છે ત્યારે નિજ હિતનો ભાવ બળવાન થાય છે. આમ પર વિષયનો રસ – જડનો રસ સત્સંગ સફળ થવામાં પ્રબળ અવરોધક – પ્રતિબંધક કારણ છે.

૫. અપૂર્વ ભક્તિનો અભાવ : સત્સંગદાતા એવા જ્ઞાની – પરમપુરુષ – પરમાત્મા પ્રત્યે અપૂર્વ ભક્તિનો અભાવ હોતાં ઉપર કહેલા ચારેય દોષ સહજ ઉત્પન્ન થાય છે. જેને અપૂર્વ ભક્તિ વર્તે છે તે જીવ સંસાર તરી જાય છે. તેથી જ્ઞાનીનો યોગ પરમ હિતકારી જાણી, પરમ પ્રેમથી, સર્વાર્પણબુદ્ધિથી, સર્વ સંયોગને ગૌણ કરીને ઉપાસવા યોગ્ય છે અને તો જ જ્ઞાનીથી પ્રાપ્ત બોધ પરિણમે છે. અન્યથા પરિણમન થતું નથી – કોરી ધારણા રહી જાય છે. આ વસ્તુ સ્થિતિ છે. વાસ્તવમાં તો જ્ઞાનીની ઓળખાણ થયે પાત્ર જીવને ઉપરોક્ત પ્રકારે અપૂર્વ ભક્તિ જાગૃત થાય જ છે – થયા વિના રહેતી નથી. આવી ભક્તિ તે માત્ર પ્રશસ્ત રાગ વૃદ્ધિરૂપ નથી, પરંતુ પ્રગટ સત્નું ખરું મૂલ્યાંકન છે, જેને લીધે દર્શનમોહ દૃઢ થાય તેવા દોષ ઉત્પન્ન થતાં નથી, પરંતુ દર્શનમોહ ગળી જાય – તેવી પરિણામની સ્થિતિ થાય છે. આ સત્સંગમાં રહેલું મહાન રહસ્ય છે. તેથી જ સર્વ જ્ઞાનીઓએ સ્વયંના અનુભવથી ઠામ ઠામ સત્સંગનું મહત્વ પ્રદર્શિત કર્યુ છે. જે વિવાદમાં જરાપણ ખેંચી જવા યોગ્ય નથી.

(શ્રી 'અનુભવ સંજીવની' માંથી સાભાર ઉદ્ધૃત બોલ નં.-૧૨૨)

---


(પાના નં ૨ થી આગળ... )

વિશ્વના કોઈપણ સાહિત્યમાં જૈનદર્શન સિવાય આવી ચોખ્ખી વાત નહિ મળે. વિશ્વના કોઈ ધર્મના સાહિત્યમાં કે કોઈ વિજ્ઞાનના સાહિત્યમાં આવી વૈજ્ઞાનિક અને ચોખ્ખી વાત નહિ મળે. સોલિડ વાત છે. એટલે આ વિષય જેની સામે આવે છે એ બહુ ભાગ્યશાળી જીવ છે. અને એ પણ ખરેખર ભાગ્યશાળી ક્યારે? કે, એ વાતને શિરોધાર્ય કરે ત્યારે, ઉપાડી લ્યે ત્યારે, અમલીકરણ કરે ત્યારે. નહિતર એને પણ પાછી અનંતવાર નિરર્થક કરી છે. આવી વાતને પણ અનંતવાર નિરર્થક કરી છે જીવે!!

(પ્રવચનાંશ... 'શ્રીમદ્ રાજચંદ્ર' પ્રવચન નં-૫૭૭, ૩૨મિનિટે)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-C



પ્રશ્ન :- ધ્રુવ આત્મા જ ઉપાદેય છે તો સમ્યગ્દર્શન શુદ્ધ આત્માને દેખે છે તો તે સમ્યગ્દર્શન ઉપાદેય છે કે કેમ?

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપાદેય છે પણ સમ્યગ્દર્શનનો જે વિષય છે દ્રવ્ય એટલે ધ્રુવ ઉપાદેય છે ખરી રીતે તો. ઉપાદેય અંગીકાર કરવા દ્રવ્યને-ધ્રુવને ગ્રહણ કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ નથી હોતી. દૃષ્ટિ તો ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે. માટે ઉપાદેય વાસ્તવિક રીતે તો જે પરમપારિણામિક સ્વભાવ આત્મા અનાદિ-અનંત છે. તે ઉપાદેય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા યોગ્ય છે પણ એ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાય પ્રગટ થાતી નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે દ્રવ્યને ગ્રહણ કરવા યોગ્ય છે. પરમપારિણામિકભાવ સ્વરૂપ જે આત્મા છે તે આત્મા ગ્રહણ કરવા યોગ્ય છે અને આત્મા ઉપાદેય છે. પણ ઉપાદેય સમ્યગ્દર્શન-કેવળજ્ઞાન બધું ઉપાદેય છે. પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી. ધ્રુવ ઉપાદેય છે. વાસ્તવિક રીતે ધ્રુવ ઉપાદેય છે. એની ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાતું નથી. પણ પર્યાય શુદ્ધ પર્યાય તે એનું સુખ સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ પ્રગટ થાય છે. આનંદ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી આનંદ પ્રગટ થાય છે માટે તે પણ ઉપાદેય છે.

પણ એકદમ શુદ્ધ દૃષ્ટિ જોવામાં આવે તો ધ્રુવ ઉપાદેય છે. એ બે અપેક્ષાઓ જુદી છે. સમ્યગ્દર્શન ઉપાદેય છે. આત્માની સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન એ બધું ઉપાદેય છે. પણ એ વળી પર્યાય છે માટે એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી. ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય છે. માટે ધ્રુવ ઉપાદેય છે. માટે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને ધ્રુવ ઉપાદેય છે. બે ઉપાદેય છે. બે અપેક્ષાઓ જુદી છે. ઓલો વ્યવહાર છે ઓલો નિશ્ચય છે. પણ વ્યવહાર એટલે એ જાતનો વ્યવહાર એવો નથી કે વ્યવહાર કાંઈ છે જ નહિ. એ તો વેદનમાં આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય તો વેદનમાં આવે છે. માટે તે ઉપાદેય છે અને શુદ્ધ પર્યાય છે. માટે તે ઉપાદેય છે. વેદનમાં આવે છે. પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી .. અનંત પર્યાયો જે વચનમાં .. ધ્રુવને ગ્રહણ કરવાથી આવે છે. માટે ધ્રુવ ઉપાદેય છે.

સમ્યગ્દર્શન ઉપાદેય નથી એમ નથી. એ છે પણ એ અપેક્ષા વ્યવહારની, આ નિશ્ચય અપેક્ષા. સાધક પર્યાય છે. સાધકદશા છે. ઓલું છે એ મૂળ અસ્તિત્વ અનાદિઅનંત છે. સાધકપર્યાય છે. એ અનાદિઅનંત રહેતી નથી. આ અનાદિઅનંત જે ધ્રુવ છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે.

પ્રશ્ન :- ભગવતી માતા! આત્માનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે તો પર્યાયદૃષ્ટિ ધ્રુવ સ્વાનુભૂતિના

સમયે ..

ઉત્તર :– એને પર એટલે પરજ્ઞેયો બહાર ઉપયોગ નથી. પર નથી જણાતું પણ અંદર પોતે છે, પોતાના અનંતગુણની પર્યાયો જણાય છે. માટે તે સ્વપરપ્રકાશપણું ઊભું રહે છે ત્યાં. એનો નાશ થાતો નથી. પોતે જે છે સમ્યગ્દર્શન સ્વાનુભૂતિની જે પર્યાય છે એ આનંદગુણને વેદે છે. પોતાના અનંતગુણનું જે વેદન છે એ એને વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે, પોતે પર્યાયોને જાણે છે. માટે સ્વપરપ્રકાશકને જાણે એટલે બીજા ગુણોને જાણે છે. બીજા ગુણોની પર્યાયોને જાણે છે. સ્વને એટલે પોતે પોતાના બહારના જ્ઞેયને ન જાણે. અંતરમાં જે પોતે જ્ઞાન અને જ્ઞેય જ્ઞાતા બધું પોતે પોતાનું અભેદપણે જાણે છે. પોતાની અનંતી પર્યાયોને જાણે છે. અનંત એટલે એ અનંતના નામ નથી હોતા. પણ એને પોતાનું અનંતનું વેદન જાણે છે.

ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્મા છે. એની અનંતતા, એની અનેક જાતની પર્યાયોને તે જાણે છે. બહાર આવે ત્યારે ઉપયોગ બહાર હોય તે બહારનું જાણે છે. પણ એને એકત્વ નથી થાતું. એનાથી જુદો રહીને જાણે છે. તે જ્ઞાયક રહે છે. જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે એટલે બીજાને જાણે અને પોતાને પણ જાણે છે. એમ સ્વપરપ્રકાશને. અંતરમાં પોતે પોતાને જાણે, પોતે પોતાના ગુણોને–પર્યાયનો જાણે છે. એમ સ્વપરપ્રકાશપણું છે. એવી રીતે છે. પોતે પોતાના વેદનને જાણે છે. પર્યાય છે. પોતાના જ્ઞાનગુણને જાણે છે, શ્રદ્ધા–ગુણને જાણે છે, અનંતગુણને જાણે છે. અને આશ્ચર્યકારી પર્યાયો થાય છે એ બધી પર્યાયોને જાણે છે. એના નામ નથી હોતા. અનેક જાતનું પરિણમન આનંદના તરંગો ઉઠે છે. અનેક જાતની પર્યાયો પરિણમે છે. એને જાણે છે. એ રીતે એનું સ્વપરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો સ્વાનુભૂતિમાં એને પરિણમે છે. એને એ જાણે છે. પોતાને જાણે છે અભેદપણે અને પર્યાયોના ભેદને પણ જાણે છે. બધું જાણે છે. .. આવ્યા એટલે.

વ્યવહાર એટલે પરને નથી જાણતો એવો એનો અર્થ નથી. એ વ્યવહાર એવો નથી કે બીજું દ્રવ્ય થઈ ગયું. બીજાને જાણે એટલે વ્યવહાર એટલે જાણતો નથી. અને માત્ર કહેવામાત્ર છે એમ નથી. એવું નથી. જાણે છે પણ બીજું જ્ઞેયથી બહાર. એટલે વ્યવહાર કહેવાય છે.

પ્રશ્ન :– ...

ઉત્તર :– અંદરની લગની લાગવી જોઈએ. રસ બહારનો હોય તો થાય નહિ. .. થાય એવું છે. પણ અંદરની લગની જોઈએ. શિવભૂતિ મુનિને કાંઈ આવડતું નહોતું પણ અંદરની લગની લાગી. ગુરુએ મહાતોષ અને મહારોષનું કીધું. એ ભૂલી ગયા. અને તુષમા થઈ ગયું. પછી એનો અર્થ ઓલી બાઈ ધોતી હતી દાળ અને ફોતરા જુદા. મારા ગુરુએ આમ કીધું. ફોતરા જુદી અને દાળ જુદી. એમ કરીને અંદરનો આત્મા જુદો, આ શરીર જુદું, આ વિભાવ–રાગ–દ્વેષ બધું જુદું છે. મારો સ્વભાવ જુદો છે ને .. પ્રયોજનભૂત ગ્રહણ કરી લીધું. તો અંતરમાં ઉતરી જાય. એને કાંઈ શાસ્ત્ર અભ્યાસની જરૂર નથી. અંદરની લગનીની, અંદરના પુરુષાર્થની જરૂર છે. અંદર રુચિની જરૂર છે તો થાય. યથાર્થ સમજે તો થાય. યથાર્થ સમજણ વગર આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. અંતરને સમજવાની જરૂર છે. અંતરમાંથી અંદરમાંથી આત્મા જુદો છે, જ્ઞાયક છે એ આનંદથી ભરેલો છે, મહિમાવંત છે. એ કાંઈ જુદું જ તત્ત્વ છે એમ સમજે તો થાય. એને સમજાવનાર

પણ ગુરુ શું કહી રહ્યા છે? .. બધું પૂરું કર્યું જિનેન્દ્રદેવે. ગુરુ સાધના કરે, શાસ્ત્રની બધી વાત.. ગુરુ શું માર્ગ બતાવી રહ્યા છે એ પોતે ગ્રહણ કરે, એને પ્રયોજન મૂળભૂત ગ્રહણ કરે તો પમાય એવું છે. ઝાઝો શાસ્ત્રનો અભ્યાસ કરે તો પમાય એવું કાંઈ નથી. દિ' ને રાત એને લગની લાગવી જોઈએ. બહારની રુચિ હોય અંતરનો રસ ન હોય તો ન થાય. આત્માનો રસ લાગવો જોઈએ. આ બધું નિરસ લાગે અંતરમાં. બધું બહારનું નિરસ લાગે અને મહિમા છૂટી જાય. રસ એક મહિમા આત્માનો જ લાગે બીજો મહિમા છૂટી જાય. સંસાર બધો નિરસ છે. મહિમાવંત નથી. મહિમાવંત મારો આત્મા જ છે. એવું અંતરમાંથી લાગે તો થાય. અને આત્માના સ્વભાવને મૂળ પ્રયોજનભૂત ઓળખે એના દ્રવ્ય-ગુણ-પર્યાય મારા .. પુદ્ગલ શું, જડ શું એમ મૂળ પ્રયોજનભૂત સમજે તો પમાય. .. ખામી છે. પુરુષાર્થ મંદ થાય તો. અંદરની ખરી લગની લાગે તો વારેવારે પુરુષાર્થ કરે. પુરુષાર્થ વારંવાર થાય અંદર. રુચિ સાચી હોય તો વારે વારે પુરુષાર્થ થયા કરે. વારેવારે પુરુષાર્થ મંદ પડે. અંદરની લાગવી જોઈએ એને અંદરની લાગી એને ક્યાંય ચેન પડે નહિ. અંદર લાગી લાગી તે આત્માની લગની એવી લાગી કે ક્યાંય ચેન પડે નહિ.


પ્રશ્ન :- લગની ઘણી લાગી છે પણ પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તર :- લગની લાગી અને પુરુષાર્થ ન ઉપડે એવું ન બને. તો એ લગની જ નથી. લગની હોય અંદર તૃષા લાગી હોય તો એ પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ. અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય. તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. વિધિ .. બતાવી છે. વિધિ અંદરથી પ્રગટ થયા વગર રહે જ નહિ. અંદર હજી લાગે તો અંદર વિધિ ગોતે ને. પણ વિધિ લાગી જ નથી ખરેખર. અને વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, એના ગુણને ઓળખવા, વસ્તુ ઓળખવી. આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું, આત્મા કોણ છે? શાશ્વત છે, કઈ રીતે છે એનો વિચાર નક્કી કરે તો એકત્વબુદ્ધિથી છૂટો પડવાનો પ્રયત્ન કરે. પરમાત્મપંથ એક જ છે પણ પોતે કરતો નથી.

પ્રશ્ન :-

ઉત્તર :- નિર્વિકલ્પ તત્ત્વ છે. આત્મા બધાથી જુદો છે. આત્મા કોઈ અપૂર્વ છે એવા આત્માને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની સ્વાનુભૂતિ કરે, આત્માને જુદો પ્રતીત કરીને ઓળખે. તો થાય ભવનો અંત. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો છે જ્ઞાયકને ઓળખવાનો. તો ભવનો અંત થાય છે. મીઠાશ આત્માની લાગવી જોઈએ. અંદરની મીઠાશ લાગે. જેને જેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય. જરૂરિયાત લાગતી નથી. જે બહારની મીઠાશ લાગે તો બહારનું મળે. આત્માની મીઠાશ લાગે તો આત્મા મળે. આત્માની મીઠાશ લાગતી નથી તો ક્યાંથી આત્મા મળે? મીઠાશ બહારની લાગે તો બહારનું જ મળે છે. પણ પોતે અંતરથી લાગે, જો અંદરથી આત્માને ઓળખે તો ભગવાનને ઓળખે, ભગવાનને ઓળખે તો આત્માને ઓળખે. અંતરની અપૂર્વતા લાગવી જોઈએ. ભગવાન કોઈ જુદા. આત્મા ભગવાન જેવો જ છે. ગુરુ સાધના કરી રહ્યા છે. ગુરુએ શું માર્ગ બતાવ્યો છે. એમ બરાબર ઓળખે, ગુરુનો આશય પકડે અને અંદર પોતાને રુચિ લાગે તો આગળ જાય.

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૭૮

મુંબઈ, જેઠ સુદ ૧૦, રવિ, ૧૯૪૮

ઈશ્વરાદિ સંબંધી જે નિશ્ચય છે, તેને વિષે હાલ વિચારનો ત્યાગ કરી સામાન્યપણે 'સમયસાર'નું વાંચન કરવું યોગ્ય છે; અર્થાત્ ઈશ્વરના આશ્રયથી હાલ ધીરજ રહે છે, તે ધીરજ તેના વિકલ્પમાં પડવાથી રહેવી વિકટ છે.

'નિશ્ચય'ને વિષે અકર્તા; 'વ્યવહાર'ને વિષે કર્તા, ઈત્યાદિ જે વ્યાખ્યાન 'સમયસાર'ને વિષે છે, તે વિચારવાને યોગ્ય છે, તથાપિ નિવૃત્ત થયા છે જેના બોધ સંબંધી દોષ એવા જે જ્ઞાની તે પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે.

સમજવા યોગ્ય તો જે છે તે... સ્વરૂપ, પ્રાપ્ત થયું છે જેને નિર્વિકલ્પપણું એવા જ્ઞાનીથી તેના આશ્રયે જીવના દોષ ગળિત થઈ પ્રાપ્ત હોય છે, સમજાય છે.

છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી.........ને નમસ્કાર છે.

*

### પત્રાંક - ૩૭૯

મુંબઈ, જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

જેની પ્રાપ્તિ પછી અનંત કાળનું યાચકપણું મટી, સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે એવો જો કોઈ હોય તો તે તરણતારણ જાણીએ છીએ, તેને ભજો.

મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત હોય, અથવા પ્રાપ્ત થાય છે. પણ મુક્તપણાનું દાન આપનાર એવા પુરુષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે; અર્થાત્ મોક્ષ દુર્લભ નથી, દાતા દુર્લભ છે.

ઉપાધિજોગનું અધિકપણું વર્તે છે. બળવાન ક્લેશ જેવો ઉપાધિયોગ આપવાની 'હરિઈચ્છા' હશે, ત્યાં હવે તે જેમ ઉદય આવે તેમ વેદન કરવા યોગ્ય જાણીએ છીએ.

સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી; એ એક પ્રકારનો મોટો 'ક્લેશ' વર્તે છે.

તમારા સત્સંગને વિષે અત્યંત રુચિ રહે છે, તથાપિ તે પ્રસંગ થવા હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિ'ને હાથ સોંપીએ છીએ.

અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી. કંઈક વાણીએ વર્તીએ છીએ, તેમાં પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે. અને પ્રસંગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે.

એવી જ 'ઈશ્વરેચ્છા' હશે ! એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ જ યોગ્ય જાણી રહીએ છીએ.

'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી.' પણ પ્રસંગ આ વર્તે છે. સત્સંગને વિષે રુચિકર એવા ડુંગરને અમારા પ્રણામ પ્રાપ્ત હો.

'વનની મારી કોયલ' એવી એક ગુર્જરાદિ દેશની કહેવત આ પ્રસંગને વિષે યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

નમસ્કાર પહોંચે.

*

## પત્રાંક - ૩૮૦

મુંબઈ, જેઠ, ૧૯૪૮

પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે. ગમે તો મનથી પણ સ્થિર થઈને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે.

મનની સ્થિરતા થવાનો મુખ્ય ઉપાય હમણાં તો પ્રભુભક્તિ સમજો. આગળ પણ તે, અને તેવું જ છે, તથાપિ સ્થૂળપણે એને લખી જણાવવી વધારે યોગ્ય લાગે છે.

'ઉત્તરાધ્યયનસૂત્ર'માં બીજાં ઈચ્છિત અધ્યયન વાંચશો; બત્રીસમાની ચોવીશ ગાથા મોઢા આગળની મનન કરશો.


શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા ઈત્યાદિક સદ્‌ગુણોથી યોગ્યતા મેળવવી, અને કોઈ વેળા મહાત્માના યોગે, તો ધર્મ મળી રહેશે.

સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્‌વ્રત એ ઉત્તમ સાધન છે.

*

**આભાર**

'સ્વાનુભૂતિપ્રકાશ' (જાન્યુઆરી–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
શ્રી કીર્તિભાઈ છોટાલાલ દેસાઈ, અમેરિકા
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘માર્ગદર્શન’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પ્રશ્ન : વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમાં આવે છે, તે રીતે ત્રિકાળી સત્ ખ્યાલમાં કેમ નથી આવતું ? ઉઘાડમાં તો યુક્તિ વગેરેથી આવે છે, પરંતુ અંદરથી કેમ નથી આવતું ?

ઉત્તર : જે ઉઘાડમાં ન્યાયથી ખ્યાલમાં આવી તે ખ્યાલવાળી જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઉભી છે, તે આધારવાળી વસ્તુ શું છે, એ દેખીને તે આધારવાળી શક્તિમાં જ થંભી જવું પ્રસરી જવું- તે જ સત સ્વભાવ છે. (ત્રિકાલી સ્વરૂપમાત્ર ખ્યાલમાં લેવાનું છે - એવો અભિપ્રાય નહીં રાખીને, અંતરમાં ત્રિકાળી આધારભૂત શક્તિને સ્વયંના રુપમાં જોવાનો પ્રયાસ કરવો જોઈએ. જેથી સહજ સ્થિરતા થશે. (૧૨૫)

*

પ્રશ્ન : પર્યાયથી છૂટું કેવી રીતે થવું?

ઉત્તર : પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે. (૧૨૭)

*

પરિણામમાં બેસીને (ત્રિકાળી) વસ્તુને દેખવાથી, વસ્તુ ભિન્ન દેખાય છે. તેથી પરિણામથી ભિન્ન થવા માટે વસ્તુમાં બેસીને દેખવાનું છે, ત્યાં વસ્તુમાં અહંપણું (એકત્વ) થવાથી પર્યાયનું કાર્ય ભિન્ન દેખાવા લાગશે, અને (એવી) ભિન્નતા દેખાવાથી પર્યાય નાશ થવા છતાં પણ અહંપણું (દ્રવ્યમાં) તો ત્રિકાળ જ રહે છે, તેથી પર્યાય નાશ થતાં આકુળતા નહિ થાય. અને અહીં (ત્રિકાળીમાં) બેસવાથી સુખશાંતિ વધશે. (૧૩૩)

*

ખરી વાત એ છે કે બધી ધારણા (અજ્ઞાની પણ) સાચી કરી લે છે, પરંતુ પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખે છે, તેથી દ્રવ્ય જુદું ને જુદું પડ્યું રહે છે. પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખવાનું નથી પરંતુ દ્રવ્યમાં બેસીને દ્રવ્યને દેખવાનું છે. જેથી દ્રવ્યમાં અહંપણું પ્રસરી જાય છે (અભેદતા થાય છે). પર્યાયમાં બેસવાથી (એકતા કરવાથી) દ્રવ્ય તો દૂર જ પડ્યું રહે છે.

(૧૩૮)

*

# સાંસારિક જરૂરિયાતોનું શું?!

**-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**



આત્માની રુચિવાળાને એક પ્રશ્ન પૂછી શકાય એવું છે કે, તમારી જરૂરિયાતોનું શું ? તમે એમ કહો છો કે, રુચિમાં આત્માની જરૂરિયાત લાગી, તો બહારમાં જે પદાર્થો છે, એના સંયોગો, બાહ્ય પદાર્થોની જે જરૂરિયાત છે એનું તમારે શું થયું ? આપણે એ ચર્ચા કરીએ. માણસ એમ કહે કે, અમારે આ જરૂર છે, અમારે આ જરૂર છે, હજી આ જરૂર છે, આટલી બધી જરૂરિયાતો ઊભી છે. આમ તો જરૂરિયાતનું **list** કોઈને ક્યારેય પૂરું થતું નથી. કોઈનું **list** પૂરું થયું છે ? એ અનંત છે. એનો અંત જ આવતો નથી એનું નામ અનંત છે. એ તો લોકો પણ હવે સમજતા થયા છે કે, **luxury is endless**. શું કહે છે ? આ **luxury** - વૈભવ છે એનો કોઈ છેડો નથી - **endless** છે, એમ કહે છે. છેડો નથી એટલે જરૂરિયાત તો ક્યારેય કોઈની પૂરી થતી નથી. પણ કોઈ એમ કહે કે, અમારે એવા મોટા વૈભવની જરૂરિયાત નથી પણ કેટલીક જે પ્રાથમિક જરૂરિયાતો છે, જે જરૂરિયાતો વગર ચાલે એવું નથી એનું શું કરવું ? બાહ્ય પદાર્થોની કેટલીક જરૂરિયાતોમાં તો ચાલે એવું છે જ નહિ એનું શું કરવું ? જો ત્યાં અપેક્ષાવૃત્તિથી સાવધાની રહે છે તો આત્માની જરૂરિયાતનો પ્રશ્ન ઊડી જાય છે અને આત્માની જરૂરિયાતના પ્રશ્નમાં પેલી જરૂરિયાતનું શું ? અહીંયાં આ સવાલ ઊભો થઈ શકે છે. જેને આત્માની જરૂરિયાત રુચિમાં લાગી છે એને બહારમાં જરૂરિયાતની વાત એ રીતે ગૌણ થાય છે કે, પૂર્વકર્મ અનુસાર જે કાળે જે થવાનું હશે તે થશે. એને સમાધાન આવી જાય છે. કઈ રીતે ? પૂર્વકર્મ છે કે નહિ ? છે. એ પૂર્વકર્મ અનુસાર જે કાંઈ ઉદયભાવે થવાનું હશે તે થશે પણ મારે આત્માની રુચિ છોડીને ઉદયની રુચિમાં જવું પોસાય એવું નથી. અને ખરેખર પૂર્વકર્મ અનુસાર જે થવાનું હોય એ થાય છે. પોતે સાવધાની રાખીને એની પાછળ પ્રયત્ન લગાવે તોપણ એનો પ્રયત્ન બહારમાં કામ આવી શકતો નથી અને પૂર્વકર્મ અનુસાર થવાનું હોય તે જ થાય છે. પણ એને આ વાત યથાર્થપણે સમજાવી જોઈએ. સમજાય તો એના પરિણામ શાંત થાય, નહિતર ઉછાળો માર્યા વગર રહી શકે નહિ એવી સ્થિતિ છે.

મુમુક્ષુ : અમારે તક ચૂકાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી : કાળ તો ચાલ્યો જાય છે. સમય જાય છે એ કોઈ ઓછી કિંમતનો સમય જાય છે એમ નથી. 'શ્રીમદ્જી'એ તો એમ કહ્યું છે કે, રત્નચિંતામણિ (કરતાં) મનુષ્યભવનો એક સમય વધારે (કીમતી) છે ! એક સમય ! એક સમયનું આયુષ્ય કોઈ રત્ન દેતાં આપી દે ખરું ? કે, ભાઈ ! એક સમય વધારે જીવાડી દ્યો. એક એક સમય કરીને ગમે એટલું લંબાવે જાય, પણ એક સમય મળે એવું નથી – આ સ્થિતિ છે. કિંમત ક્યાં, કેટલી આપવી એના ઉપર ખરેખર તો જીવનો વિવેક અને અવિવેક કેટલો છે એનું ધોરણ બંધાય છે.

**(પ્રવચનાંશ... શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પ્રવચન નં-૩૯, પાના નં. - ૭૯)**

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
**Title Code : GUJGUJ07425**
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1281**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001